ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

# Students Opinion about Reservation Policy

**Kiran Shambhulal Acharya**
Department of Education
Saurashtra University
Rajkot

## સારાંશ

પ્રસ્તુત અભ્યાસ માં રાજકોટ શહેરના સ્નાતક કક્ષાના વિવિધ વિદ્યાશાખાના ૪૮૦ વિદ્યાર્થીઓના અનામતનીતિ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી. જેના માટે સર્વેક્ષણ સંશોધન યોજના અંતર્ગત જનમત સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કાઇવર્ગ દ્વારા માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામો આ પ્રમાણે હતા :

(૧) અનામતના અમલથી વિવિધક્ષેત્રે પછાતવર્ગોનો દરજ્જો ઊંચો આવ્યો છે. વિવિધ પ્રોત્સાહનો દ્વારા તેમને પોતાનો વિકાસ સાધવાની પ્રેરણા મળી છે. પરંતુ પછાતવર્ગો તેનો પૂરતો લાભ લઈ શક્યા નથી. (૨) અનામતથી જ્ઞાતિભેદ જેવા દૂષણોમાં વધારો થતો હોવાથી તે દેશની પ્રગતિમાં અવરોધક છે. (3) દેશના તમામ લોકો માટે સમાનનીતિ હોવી જોઇએ. જેમાં લોકોની ગુણવત્તાને મહત્વ આપવામાં આવતું હોય. (૪) અનામતનીતિની સમીક્ષા કરવી જોઇએ. જેમાં શિક્ષિત અને સમૃદ્ધ પછાતવર્ગોને અપાતા અનામતના લાભ નાબૂદ કરવા જોઇએ. (૫) જાહેરક્ષેત્રની નોકરીઓ માં પ્રમોશન માટેની રોસ્ટર પદ્ધતિ માં રખાતા ભેદભાવો નાબૂદ કરવા જોઇએ. (૬) વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને નોકરીઓમાં અનામત આપવાને બદલે વ્યકિતના કૌશલ્યો, ક્ષમતા અને ગુણવત્તાને આધારે તેને તક આપવી જોઈએ .


## ૧.૦ પ્રસ્તાવના

વિશ્વના સૌથી પ્રાચીન વેદગ્રંથોમાં વ્યકિતની ક્ષમતા અને કૌશલ્યોને આધારે સત્વ , રજસ અને તમસ એમ ત્રણ ગુણોમાં તેમનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. જેના પરથી

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

વેદકાલીન સમયમાં જાતિપ્રથા અસ્તિત્વ માં આવી. બૌદ્ધિકક્ષમતા આધારિત કાર્યોની વહેંચણી કરવામાં આવી હોવાથી તેમાં ઊંચ-નીચ ના ભેદભાવો નો અભાવ હતો.

પરંતુ સમય જતાં કાળક્રમે જન્મ આધારિત જાતિપ્રથા અસ્તિત્વમાં આવી. જેનાથી સમાજમાં ઊંચ-નીચ , અસ્પૃશ્યતા, જાતિભેદ જેવા ભેદભાવો વધવા લાગ્યા. અને નિમ્નવર્ગોનું શોષણ થવા લાગ્યું.

સ્વતંત્રતા બાદ સમાજમાં રહેલા આ ભેદભાવોને નાબૂદ કરવા માટે , તમામ પ્રજાને સમાનતાનો અધિકાર આપવા માટે બંધારણ અમલમાં આવ્યું. જેમાં સમાજના શોષિત પછાતવર્ગોને તેઓ પણ અન્યોની જેમ સ્વાભિમાનપૂર્વક જીવી શકે , પોતાનો વિકાસ સાધી શકે અને સામાન્ય જનતાના જીવન નો એક હિસ્સો બની શકે તે માટે તેમણે કેટલાક વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા. જેના અંતર્ગત તેમના માટે વિવિધ ક્ષેત્રમાં કેટલીક બેઠકો અનામત રાખવામા આવી. જે અનામતનીતિ તરીકે ઓળખાય છે.

પ્રવર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અનામતનીતિ વિષે કેવો અભિપ્રાય ધરાવે છે , આ દિશામાં તપાસ કરવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. D'Mellow Celine (1982) એ કરેલા અભ્યાસમાં વિધાર્થીઓ અનામત પ્રત્યે મિશ્રિત વલણ ધરાવતા હતા.

વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારના આ સંશોધનનું ક્ષેત્ર 'શિક્ષણનું સમાજશાસ્ત્ર' અને પેટાક્ષેત્ર 'અનામતનીતિ' છે , એમ કહી શકાય.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા :

૨.૧ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે અભિપ્રાયાવલિ ની રચના કરવી.

૨.૨ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના અનામતનીતી પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

## 3.0 અભ્યાસના પ્રશ્નો

નીચે પ્રમાણે અભ્યાસના પ્રશ્નો રચવામાં આવ્યા હતા.

3.૧ સ્નાતકકક્ષાના વિદ્યાર્થીઓના અનામતનીતી પ્રત્યેના અભિપ્રાયો કેવા હશે ?

ઉપર્યુક્ત પ્રશ્ન વિવિધ વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના સંદર્ભમાં ચકાસવામાં આવ્યો હતો.

## ૪.૦ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રમાણે ચલોને આવરવામાં આવ્યા હતા.

૪.૧ સ્વતંત્ર ચલ : પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે વિદ્યાશાખા હતી.

૪.૨ પરતંત્ર ચલ : પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે અભિપ્રાયો હતા.

## ૫.૦ વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ રાજકોટ શહેરની મેડિકલ , ઈજનેરી, લો, આર્ટ્સ,કોમર્સ અને સાઇન્સ વિદ્યાશાખાની કોલેજોમાં અભ્યાસ કરતાં સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ પૂરતું સીમિત હતું.

જેના માટે રાજકોટ શહેરની ૦૭ કોલેજોની પસંદગી કરવામાં આવી હતી. જેમાથી ૫૫૦ વિદ્યાર્થીઓની સહેતુક નમૂના પસંદગી કરવામાં આવી હતી. અપૂરતી અને ખામીયુક્ત માહિતી ધરાવતી અભિપ્રાયાવલિને બાદ કરતાં ૪૮૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદગી પામ્યા હતા .

## ૬.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ પરતંત્ર ચલ વિદ્યાર્થીઓના અનામતનીતિ પ્રત્યેના અભિપ્રાયો અંગે માહિતી મેળવવાની હતી. જેના માટે વૈજ્ઞાનિક માપદંડો અનુસાર અભિપ્રાયાવલિની સંરચના કરવામાં આવી હતી. આ સંરચનામાં વિદ્વાન તજજ્ઞોનું માર્ગદર્શન લેવામાં આવ્યું હતું .

## ૭.૦ સંશોધન પદ્ધતિ અને તેનું અમલીકરણ

અનામતનીતિ પ્રત્યે વિવિધ વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. આ એક જનમત સર્વેક્ષણ હતું . જેમાં નાજુક અને મહત્વના સંવેદનશીલ વિષયો પર નિર્ણય લેવા માટે લોકોના અભિપ્રાયો લેવામાં આવે છે. અને તેના આધારે નિર્ણય કરવામાં આવે છે.

## ૮.૦ માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન

વિદ્યાર્થીઓના અભિપ્રાયોનું સહમત , તટસ્થ અને અસહમત એમ ત્રણ કક્ષામાં પ્રાપ્ત થયા હતા જેનું વિશ્લેષણ કરવા માટે અને માહિતીને અર્થપૂર્ણ બનાવવા માટે તેનું Microsoft

Excel દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાઇવર્ગ દ્વારા તેની આંકડાશાસ્ત્રીય ગણતરી કરવામાં આવી હતી. આ અભિપ્રાયોની સાર્થકતાકક્ષા ૦.૦૧ નિર્ધારિત કરવામાં આવી હતી.

## ૯.૦ અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસ ના પરિણામો આ પ્રમાણે પ્રાપ્ત થયા હતા.

૯.૧ અનામત ના અમલથી વિવિધ ક્ષેત્રે પછાતજાતિઓનો દરજ્જો ઊંચો આવ્યો છે. વિવિધ પ્રોત્સાહનો દ્વારા તેમને પોતાનો વિકાસ સાધવાની પ્રેરણા મળી છે. પરંતુ પછાતવર્ગો તેનો પૂરતો લાભ લઈ શક્યા નથી.

૯.૨ અનામતથી જ્ઞાતિભેદ જેવા દૂષણોમાં વધારો થયો હોવાથી અનામત દેશની પ્રગતિમાં અવરોધરૂપ છે.

૯.૩ દેશના તમામ લોકો માટે સમાનનીતિ હોવી જોઈએ. જેમાં વ્યકિતની ગુણવત્તાને મહત્વ આપવામાં આવ્યું હોય.

૯.૪ સરકારી નોકરીઓમાં પ્રમોશન માટેની રોસ્ટર સિસ્ટમ માં રખાતા ભેદભાવો નાબૂદ કરવા જોઈએ.

૯.૫ અનામતનીતિ ની સમીક્ષા કરવી જોઈએ. જેમાં શિક્ષિત અને સમૃદ્ધ પછાત વર્ગો ને અપાતાં અનામતના લાભ નાબૂદ કરવા જોઈએ .

૯.૬ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને નોકરીઓમાં અનામત આપવાને બદલે વ્યકિતની બૌદ્ધિક ક્ષમતા , કૌશલ્યો અને ગુણવત્તાના આધારે તેને તક આપવી જોઈએ .

VIDHYAYANA

## સંદર્ભસૂચિ


- S. Yesu Suresh Raj & P. Gokulraja (2015). An Analysis of Reservation System in India. (Research Article) International Journal of Research, e – ISSN: 2348-6848, P- 2348-795X Volume-2, Issue -10, pp. 1038-1045

- D' Mellow Celine E. (1982) A Study of the perceptions of students, about The Reservation Policy in Education. Unpublished M.Ed. Dissertation, Veer Narmad South Gujarat University, Surat.

- ઉચાટ,ડી.એ .(૨૦૧૨).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (સંવર્ધિત દ્વિતિય આવૃતિ)۰ રાજકોટ : પારસ પ્રકાશન

- પારેખ,બી۰યુ۰ અને ત્રિવેદી એમ .ડી۰(૨૦૧૦)۰ શિક્ષણમાં આંકડાશાસ્ત્ર (પાંચમી આવૃતિ)۰ અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ۰

- ઉચાટ,ડી۰એ۰ અને અન્યો (સં) (૨૦૦૬) ۰ શૈક્ષણિક સંશોધનોનો સારાંશ ۰ રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી